ભારતની ૬૦% વસતી પર કોરોના સંક્રમણનો ખતરો

યુપી, મહારાષ્ટ્ર, બિહાર, પ.બંગાળ, એમપી, ગુજરાત, ઓડિશા, તેલંગાણામાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરાબ હાલત

ચીનના વુહાનથી ફેલાયેલા કોરોના વાયરસ આજે દુનિયાભરમાં ફેલાઈ ગયો છે, દુનિયાના ૨૧૫ દેશોને કોરોનાએ પોતાની ચપેટમાં લીધા છે. દુનિયાભરમાં લગભગ દોઢ કરોડ લોકો આ વાયરસથી સંક્રમિત થયા છે. હાલમાં જ એક સ્ટડીમાં સામે આવ્યું કે ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા કુલ વસ્તીના ૬૦% થઈ શકે છે. એનો મતલબ એવો થાય છે કે દર ૧૦ વ્યક્તિમાંથી ૬ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ શકે છે.

દેશમાં સૌથી વધારે વસ્તીવાળા રાજયમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરાબ સ્થિતિના કારણે કોરોના વાયરસનો સૌથી વધારે ખતરો છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, ગુજરાત, ઓડિશા, તેલંગાણા અને ઝારખંડમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરાબ હાલતના કારણે કોરોના સંક્રમણનો વધારે ખતરો ઊભો થયો છે, આ સાથે રાજયમાં ગરીબીની સાથે ખરાબ કારણે સ્વાસ્થ્ય સુવિધાઓના કારણે મહામારી વધારે સંવેદનશીલ બની છે.

મેડિકલ જર્નલ ધ લેન્સેટમાં પ્રકાશિત એક રિસર્ચમાં આ વાત જણાવવામાં આવી છે. આ રિસર્ચમાં સામાજિક-આર્થિક સ્થિતિ, વસ્તી, ઘર અને સ્વચ્છતા, મહામારી વિજ્ઞાન અને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધાઓના પાંચ માનકો આ રાજ્યો પર સંભાવના વ્યક્ત કરાઈ છે. રાજયમાં પાયાની સુવિધાઓના અભાવના કારણે પણ વાયરસ ભયંકર રીતે ફેલાવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.

લેટેસ્ટ સ્ટડીમાં લેખક રાજીવ આચાર્ય દિલ્હી પોલ્યુશન કાઉન્સિલ સાથે જોડાયેલા છે. તેમણે એક સ્ટડીમાં એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે, નબળી સ્વાસ્થ્ય સુવિધાઓના કારણે કોરોના વાયરસના સંક્રમણને રોકવું પડકારજનક બની શકે છે. આચાર્યએ જણાવ્યું, "દેશમાં ઘણાં રાજ્યોના ઘણાં જિલ્લા સામાજિક, આર્થિક પરિસ્થિતિઓના સંદર્ભમાં અસુરક્ષિત છે. ઘણાં જિલ્લા સ્વસ્છતા અને લોકોની રહેણાક વ્યવસ્થાના કારણે અસુરક્ષિત છે. જેમાંથી મોટાભાગના જિલ્લા સ્વાસ્થ્યની પાયાની સુવિધાઓના અભાવે અસુરક્ષિત છે." આ સ્ટડીમાં કોરોના વાયરસના કેસની વ્યાપકતાને સંભાળવા માટે દેશમાં નબળા જિલ્લાની ક્ષમતાનું આકલન કરવામાં આવ્યું છે. કહેવાય છે કે, "સંવેદનશીલતા ઈન્ડેક્સમાં કોરોના સંક્રમણના ખતરાની જગ્યા આ વાત પર વિચાર કરાયો છે કે તે વિસ્તારની વસ્તી પર કોરોના સંક્રમણની શું અસર થઈ શકે છે." લેન્સેટની આ સ્ટડીમાં સામે આવ્યું છે કે, પાંચ રાજ્યોમાંથી ૨૦ જિલ્લા કોરોના વાયરસ સંબંધિત સૌથી વધારે સંવેદનશીલ છે. બિહારમાં એવા સૌથી વધારે ૮ જિલ્લા છે, તે પછી ઉત્તરપ્રદેશમાં ૬ અને મધ્યપ્રદેશમાં ૪ જિલ્લા આવે છે. સંવેદનશીલતા ઈન્ડેક્સ મુજબ, રાજસ્થાન અને ઝારખંડમાં એક-એક જિલ્લા એવા છે કે જે કોરોના સંક્રમણની દૃષ્ટિએ વધારે જોખમી છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૪૭૧૩૧૭૨	૬૧૦૨૫૧	૮૫૯૧૩૪૨
ભારત	૧૧૪૫૭૪૩	૨૮૦૩૫	૭૨૧૪૩૧
ગુજરાત	૪૯૪૩૯	૨૧૬૭	૩૫૬૫૯
ગાંધીનગર	૧૨૩૬	૬૯	૭૭૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરાનાનો કહેર યથાવત : નવા ૯૯૮ કેસ

૭૮ લોકો વેન્ટીલેટર પર : અમદાવાદમાં નવા ૧૯૩ કેસ સામે આવ્યા : ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ લોકોના મૃત્યુ થતા મૃત્યુઆંક ૨૧૬૭ ઉપર પહોંચ્યો : ૭૭૭ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં સતત આઠમા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર ૧૦૦ ની પાસે જઈ અટક્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૩૬૯ વ્યક્તિઓના કોરોનાનો ટેસ્ટ કરવામાં આવતાં ૯૯૮ વ્યક્તિઓના પોઝિટિવ રિર્પોટ આવ્યાં હતાં.આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪૯ હજારને પાર થઇ ૪૯૪૩૯ થયો છે.રાજ્યમાં આજે ૨૦ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૧૬૭ થયો છે.રાજ્યમાં આજે ૮૭૭ દર્દીઓ સાજા થયા છે.આ સાથે અત્યાર સુધીમાં કુલ ૩૫૬૫૯ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થયા છે.રાજ્યામાં આજની સ્થિતિએ ૧૧૬૧૩ એક્ટિવ કેસ છે.જેમાં ૭૮ વેન્ટિલેટર ઉપર અને ૧૧૫૩૫ સ્ટેબલ છે.રાજ્યમાં સતત કોરોનાનો કહેર વધી રહ્યો છે.કોરોનાના કેસ ૧૦૦૦ પાર થવા જઇ રહ્યાં છે.જ્યારે કોરોનાના કુલ સંક્રમિતોના કેસ શ્રાવણ માસના પ્રથમ દિવસે ૫૦ હજારને પાર કરી જશે.રાજ્યમાં મોટાભાગના જીલ્લાઓમાં બે ડિજીટમાં કોરોનાના કેસો રોજ નોંધાય છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૨૦ દર્દીઓના મૃત્યુ થયા છે.જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૧, સુરત કોર્પોરેશનમાં ૧૦, અને સુરતમાં ૧, નવસારીમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, ગીર સોમનાથમાં ૧ મૃત્યુ નોંધાયા હતાં.અમદાવાદ શહેરમાં આજે કોરોના પોઝિટિવનો આંકડો ૧૯૩ થયો હતો.આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨૪૩૬૯ થયો છે. અમદાવાદ શહેરમાં આજે વધુ ૪ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૪૭ થયો છે.સુરત શહેરમાં ૨૦૯ અને ગ્રામ્યમાં ૭૫ સાથે ૨૮૪ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતાં.જ્યારે ૧૧ દર્દીના મૃત્યુ થયા હતાં.સુરતમાં કુલ ૨૫૯ મૃત્યુ થયા છે.વડોદરા શહેરમાં ૬૦ અને ગ્રામ્યમાં ૧૮ સાથે ૭૮ કોરોનાના કેસ નોંધાયા છે.ગાંધીનગર કોર્પોરેશનમાં ૮અને ગ્રામ્યમાં ૧૨ સાથે કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે.ગાંધીનગરમાં કુલ સંક્રમિતો નો આંકડો ૧૦૮૮ થયો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫,૪૮,૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યાં છે.રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૦૮,૮૪૦ વ્યક્તિઓને ક્વોરનટાઇન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૪,૦૬,૭૯૪ વ્યક્તિઓને હોમ ક્વોરનટાઇન છે અને ૨૦૪૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરનટાઇન રાખવામાં આવ્યાં છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૪૫૬૮	૧૫૫૨	૧૯૩૨૮
સુરત	૯૯૭૮	૨૭૫	૬૭૮૯
વડોદરા	૩૬૬૫	૫૭	૩૦૪૯
રાજકોટ	૧૦૩૮	૨૦	૪૧૩
ભાવનગર	૯૫૫	૧૮	૪૨૯
ગાંધીનગર	૧૧૦૧	૩૮	૭૭૧
કચ્છ	૩૪૪	૦૯	૨૦૬
મહેસાણા	૬૦૫	૧૪	૨૫૦
ગીર-સોમનાથ	૧૯૭	૦૪	૫૯
પોરબંદર	૩૨	૦૨	૨૩
પંચમહાલ	૩૧૮	૧૬	૨૨૩
પાટણ	૩૭૪	૨૦	૨૭૮
છોટાઉદેપુર	૧૦૦	૦૨	૬૯
જામનગર	૪૬૩	૧૦	૨૩૨
મોરબી	૧૪૬	૦૪	૮૭
સાબરકાંઠા	૩૨૩	૦૮	૧૯૯
આણંદ	૩૬૨	૧૩	૩૧૯
દાહોદ	૨૫૫	૦૪	૬૦
ભરૂચ	૬૧૧	૧૧	૩૬૫
બનાસકાંઠા	૪૬૦	૧૬	૩૫૫
ખેડા	૪૪૯	૧૪	૨૯૫
બોટાદ	૧૫૭	૦૩	૮૭
નર્મદા	૧૩૮	૦૦	૧૦૩
અરવલ્લી	૨૭૩	૨૪	૨૨૯
મહીસાગર	૨૨૩	૦૨	૧૪૩
નવસારી	૩૬૬	૦૬	૨૨૯
તાપી	૮૮	૦૦	૫૭
વલસાડ	૪૫૮	૦૫	૨૧૩
જૂનાગઢ	૫૭૨	૦૭	૩૮૪
સુરેન્દ્રનગર	૪૬૩	૦૮	૧૮૭
દેવભૂમિ દ્વારકા	૩૩	૦૩	૨૫
ડાંગ	૦૮	૦૦	૦૭
અમરેલી	૨૩૯	૦૯	૧૧૬
કુલ	**૪૯૪૩૯**	**૨૧૬૭**	**૩૫૬૫૯**

મારો શુ વાંક મમ્મી તું ક્યાં છે !

મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં ઘરની સીડી પાસે ત્યજી દીધેલ નવજાત શિશુ મળતા સ્થાનિકોમાં જનેતા સામે રોષ

મોડાસા, તા. ૨૦

થોડા સમય પહેલા આ સ્વાર્થી દુનિયામાં માતાના કુખે જન્મ લેનાર હાલ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં અંત્યત નાજુક હાલતમાં સારવાર હેઠળ નવજાત શિશુને દુનિયામાં જન્મ લેતા પહેલા ખબર પણ નહિ હોય કે તે આ પ્રકારની માતાની મમતાના પ્રેમના બદલે અજાણ્યા વિસ્તારનાં રહેણાંક મકાનની સીડી નીચે રહેલા તગારામાં તરછોડી દેવાશે અને ૧૦૮ એમ્બ્યુલન્સની રફતાર થકી હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચશે જ્યાંથી તેનું આગળનું ભવિષ્ય હવે લોકો નક્કી કરશે. મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં રોડ નજીક આવેલા મકાનમાં નવજાત શિશુને ત્યજી દેનાર માતા સામે લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

મહિલાઓ માતૃત્વ ધારણ કરે ત્યારે સૌથી વધુ ખુશી થતી હોય છે

મહિલાને સૌથી વધુ ખુશી એની જિંદગીમાં જયારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે મળતી હોય છે. સામાન્ય રીતે તો તેની માતાને તેનું સંતાન ખુબ વ્હાલું હોય છે એ પછી માનવ વસ્તીમાં હોય કે જીવ પ્રજાતિની દુનિયામાં જ્યાં બાળકને નાનકડા દર્દને પણ માતા સાંખી શકતી નથી પરંતુ એક એવી માતા પણ આ દુનિયામાં વસે છે જે તેના બાળકને જન્મ આપી સમાજના ડરે ત્યજી દેતી હોય છે અને આખરે માનવતા આવી માતાઓ ઉપર ફિટકાર વરસાવી એક દિવસના થોડા સમય રોષ વ્યક્ત કરતુ હોય છે. આખરે શું કારણ હશે કે ફૂલ જેવા નવજાત બાળકને માતા દ્વારા ત્યજી દેવાનું...? કોઈ અત્યાચારનો ભોગ બની હશે નવજાત શિશુની માતા કે પછી અનૈતિક સંબંધો જવાબદાર કે યુવાનીના રંગમાં ભાન ભૂલી હસી કે.. કારમી મોંઘવારીમાં જીવનનિર્વાહ ચલાવવાની ચિંતા જેવી તરહ તરહની ચર્ચાઓના વમળો પેદા થયા હતાય

શનિવારે રાત્રીના સુમારે મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રોડ નજીક આવેલા રહેણાંક મકાનની સીડી નીચે તગારામાં બાળકને સુરક્ષિત રહે તે રીતે લાલ કપડામાં વીંટાળી મૂકી દીધું હતું. મોડી રાત્રે એક યુવતી લઘુશંકા માટે ઉભી થતા કાને બાળકના રડવાનો અવાજ સંભળાતા યુવતીએ આજુબાજુ જોતા સીડી નીચે નવજાત શિશુ રડતું જોવા મળતા ગભરાઈ ગઈ હતી. તાત્કાલિક પરિવારજનોને જાણ કરતા અને આજુબાજુના લોકોને જાણ થતા ટોળેટોળા ઉમટ્યા હતા ૧૦૮ ઈમરજન્સીને જાણ કરતા ૧૦૮ મારફતે હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યું હતું અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસતંત્ર દ્વારા નવજાત શિશુની જનેતાને શોધવા શોધખોળ હાથ ધરી કાયદેસરની કાર્યવાહીમાં જોતરાઈ હતી. ૧૦૮ ઈમર્જન્સી ના કર્મચારીના જણાવ્યા અનુસાર ત્યજી દેવાયેલ શિશુની હાલત સ્થિર હોવાનું જણાવ્યું હતું.

મોડાસા ટાઉન પોલીસે હાલ તો આ મામલે તપાસ હાથ ધરી છે કે આ બાળક કોનું છે ? ક્યાંથી તેને અહીં લાવવામાં આવ્યું છે ? કઈ હોસ્પિટલમાં તેને જન્મ આપવામાં આવ્યો હતો. ક્યાં હાલતમાં બાળકને તરછોડવો પડ્યો ? આમ અનેક સવાલોના જવાબ મેળવવા પોલીસ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

ઉનાવા જુગારધામ પકડાયેલ કેસમાં બે પોલીસકર્મી સસ્પેન્ડ : એકની ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામે ખેતરમાં તબેલાની બાજુની ઓરડીમાં જુગાર રમાઈ રહ્યો હતો. આ જુગારધામ પર એલસીબી-૨ ત્રાટકીને જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં આ જુગાર કેસમાં બે પોલીસકર્મી પણ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું હતું. જેમાં પોલીસ હેડ કવાટરમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર પ્રતાપસિંહ વાઘેલા અને પેથાપુર પોલીસ મથકે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયપાલસિંહ રાજેન્દ્રસિંહને રાઠોડને સસ્પેન્ડ કરાયા છે. ત્યારે એલસીબી-૨ આ કેસની તપાસ દરમિયાન જયપાલસિંહની ધરપકડ કરી છે. જયારે મુખ્ય સુત્રધાર તેવા ઘનશ્યામસિંહ વાઘેલા પોલીસ પકડથી દુર છે.

મળતી વિગત મુજબ આ બે પોલીસકર્મીની મિલીભગતથી જિલ્લામાં જુગારની બદી ચાલી રહી હતી. ગાંધીનગર એલસીબી-૨ એ શુકવારના રોજ રાત્રીના સુમારે ઉનાવા ગામે દરોડો પાડીને ખેતરની ઓરડીમાં જુગાર રમી રહેલા ૮ જુગારીઓને પકડી પાડ્યા હતા. જયારે પોલીસને રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે પેથાપુર પોલીસ મથકના ડી સ્ટાફમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ જયપાલસિંહ પોલીસ મથકના વિસ્તારમાં જુગારધામને મંજુરી આપીને દરેક બેઠકે રૂ.૧૫ હજારનો હપ્તો લે છે તેવી ચર્ચા પોલીસ બેડામાં ચાલી રહી છે. ત્યારે એક કોન્સ્ટેબલ આટલુ મોટું સાહસ કરે તે વાત માનવામાં આવતી નથી, જેથી તેની સાથે પોલીસ મથકનું અન્ય કોઈ કર્મચારી પણ હોય શકે છે તેવી શંકા સેવાઈ રહી છે. જેથી પોલીસ દ્વારા આ દિશામાં પણ તપાસ ચાલી રહી છે

પ્રવેશ નહિ અપાય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલમાં પણ મંદિરમાં પ્રસાદ વિતરણ બંધ છે. નગરમાં પંચદેવ મંદિર, સોમનાથ મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ , વૈજનાથ મહાદેવ મંદિર સહીત શહેર નજીક સ્થિત ધોળેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવ મંદિરમાં પણ દિવસ દરમિયાન ભાવિકો મોટી સંખ્યામાં દર્શન કરવા માટે આવશે. જો કે શ્રાવણ મહીના દરમિયાન કોઈપણ શિવમંદિરોમાં ભાવિકોની ભીડ એકત્રિત ન થાય તે માટે અત્યારથી જ ગર્ભગૃહમાં પ્રવેશ નિષેધ સહીતના બાર્ડસ પણ મુકી દેવાયા છે. ત્યારે ભાવિકો પણ મંદિરે દર્શન કરી ઘરે જ પુજા કરવા માટે તૈયારી કરી લીધી છે. શ્રાવણ મહીનાના સોમવારે ભોળાનાથની દિવ્ય અને ભવ્ય આરતી વિશેષ રીતે કરવામાં આવશે. જયારે મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ નહીં આપવાનો હોવાથી ભાવિકોએ મહારાજને બોલાવી ઘરે પુજા વિધી કરવા માટે આયોજન કરી દીધુ છે. શ્રાવણ મહીના દરમિયાન કોઈપણ ઠેકાણે મેલાનુ આયોજન કરવામાં આવશે નહીં. જયારે મંદિરોમાં આરતી સુશોભન સહીત મંદિરને શણગારવા માટે રોશની અને ફુલોની રંગોળી પણ કરવામાં આવશે. રાત્રિની પુજા પણ મંદિરના મહારાજ કરશે. જયારે શિવમહીમ્મન સ્તોત્ર ,લઘુરુદ્ર સહીત સમુહ ધુન અને ભજનના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે નહીં.

૪૦ હજાર કેસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રીજી વખત બન્યું છે. અમેરિકા બાદ ભારતમાં જ રોજેરોજ સૌથી વધુ કેસ નોંધાઇ રહ્યા છે. ભારતમાં દર બે દિવસે ૭૦ હજાર કેસ નોંધાયા છે. દેશમાં અત્યારસુધી એક કરોડ ૩૪ લાખ લોકોનું ટેસ્ટિંગ થઇ ચૂક્યું છે. તેમાંથી ૮.૦૨ ટકા લોકો સંક્રમિત છે.

સત્તાવાળાઓએ આજે સામવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવી ત્યારે જોવા મળ્યું કે દેશમાં કોરોનાસંક્રમણના ફેલાવાની ઝડપ વધી રહી છે. રવિવારે ૪૦,૫૩૭ દર્દીઓ મળ્યા હતા. આ પહેલીવાર છે કે જ્યારે ૨૪ કલાકમાં ૪૦ હજારથી વધુ દર્દી મળ્યાં હતાં. તે સાથે કુલ ચેપગ્રસ્તોની સંખ્યા હવે ૧૧,૧૪,૩૫૦ થઇ ગઇ છે. કેટલાક રાજ્યોએ રવિવારથી જુલાઈ મહિનાના અંત સુધી લૉકડાઉનની જાહેરાત કરી છે. ગત ૫ દિવસમાં ૧.૮૫ લાખ નવા દર્દી મળ્યા હતા. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૬૭૫ લોકોના મોત સાથે અત્યાર સુધી કુલ ૨૭,૫૦૩ લોકો કોરોનાને લીધે મૃત્યુ પામી ચૂક્યા છે. અલબત્ત, દેશમાં રવિવારે મૃત્યુદર ૨.૪૬% રહ્યો હતો.

આંકડાકિય માહિતી પ્રમાણે, દેશમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૯૫૧૮ દર્દી મહારાષ્ટ્રમાં મળ્યા હતા. ત્યાં અત્યાર સુધી ૩,૧૦,૪૫૫ લોકો સંક્રમિત થઇ ચૂક્યા છે. ઉપરાંત મૃત્યુનો આંકડો પણ ૧૧,૮૫૪ સુધી પહોંચી ગયો છે. આંધ્રમાં પહેલીવાર ૫૦૪૧ દર્દી મળ્યા હતા. તેને ઉમેરતાં રાજ્યમાં દર્દી ૫૦ હજાર નજીક પહોંચી ગયા છે. તમિલનાડુમાં પણ ૪૯૭૯ નવા દર્દી મળી આવ્યા હતા, જેનાથી કુલ આંકડો ૧.૭ લાખને વટાવી ગયો છે. રવિવારે ૨૨,૭૬૩ દર્દી સાજા થયા હતા. જેથી કુલ સાજા થયેલા દર્દીઓનો આંકડો ૬,૯૫,૬૬૧ થઈ ગયો હતો. એટલે કે ૬૨.૪૨% લોકો સાજા થઈ ચૂક્યા છે.

સૂત્રોએ કહ્યું કે, દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો રવિવારે ૧૧ લાખને પાર કરી ગયો હતો. માત્ર ત્રણ દિવસમાં એક લાખ કેસ નોંધાયા હોય તેવું ત્રીજી વખત બન્યું છે. દર ૧૦ લાખની વસ્તીએ ૭૮૭ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવે છે. વસ્તીની દ્રષ્ટિએ ભારતમાં સંક્રમણનું સ્તર ઓછું છે. અહીં દર દસ લાખની વસ્તીએ ટેસ્ટિંગનો રેટ પણ બહુ ઓછો છે. સૌથી વધુ સંક્રમિત ૧૦ દેશોમાં થનારી ટેસ્ટિંગની સરખામણી ભારત સાથે કરવામા આવે તો મેક્સિકો પછી ભારત બીજો દેશ છે જ્યાં સૌથી ઓછા લોકોના ટેસ્ટ થાય છે.

દરમ્યાનમાં આઈઆઈટી ભુવનેશ્વર અને એઇમ્સના સંશોધકોએ શોધી કાઢ્યું છે કે ચોમાસા અને શિયાળામાં સંક્રમણની ઝડપ વધી શકે છે. એક ડિગ્રી તાપમાન ઘટે તો સંક્રમણ ૦.૯૯ ટકા વધે છે. વરસાદ-શિયાળામાં વાતાવરણ ઠંડું થવાથી કોરોના માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે.

ભારતમાં કુલ સંક્રમિતોમાં ૨૭.૩૫ ટકા લોકો મહારાષ્ટ્રના છે. મોતના આંકડા જોઈએ તો અત્યારસુધી થયેલી કુલ મોતમાં ૪૪.૮૫ ટકા લોકો આ જ રાજ્યના છે. દેશનું બીજુ સૌથી સંક્રમિત રાજ્ય તમિલનાડુ છે. ૧૧ લાખ સંક્રમિતોમાં ૧૫.૮૨ ટકા લોકો આ રાજ્યના છે. દેશી રાજધાની દિલ્હીના ૧૩.૩૮ ટકા સંક્રમિત છે.

ધીના ઠામમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની બેઠકમાં સુધારા હુકમ પણ ઝડપથી કરવામાં આવશે તેવી હૈયાધારણ સભ્યોને આપી હતી.

આ બેઠકમાં રિનોવેશન કચેરીનું જે કરાયુ તે અંગે પણ ઉગ્ર ચર્ચાઓ થઈ હતી.

સામાન્યસભામાં સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના ૩૦ થી વધુ કામો જે બાકી છે તે પણ ઝડપથી પૂરા કરવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

વેક્સીન સફળ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કુલ ૫૬ દિવસ સુધી ચાલેલા ટ્રાયલમાં ૨૩ એપ્રિલથી ૨૧ મેની વચ્ચે જે લોકોને વેક્સીન અપાઈ હતી. તેઓમાં માથાનો દુખાવો, તાવ, શરીરના દુખાવા જેવી ફરિયાદો પેરાસીટામોલથી સારી થઈ ગઈ હતી તથા વધુ ગંભીર સાઈડ ઈફેક્ટ પણ ન થઈ.

પેપરમાં જણાવાયું છે કે ૧૪ દિવસ બાદ સ્પાઈક પ્રોટીનને ઓળખનારા ટીસેલ જોવા મળ્યા. ૨૮ દિવસ પર આ પ્રોટીનથી લડવા માટે એન્ટીબોડી (આઈજીજી) પણ જોવા મળ્યા કે જે બીજો ડોઝ આપવા પર વધી ગયા. ૯૦ ટકા લોકોમાં વાયરસ પર એકશન કરનારી એન્ટીબોડી પ્રથમ ડોઝ બાદ જોવા મળી. બીજો ડોઝ આપવા પર તમામ વોલિયેન્ટર્સમાં ન્યુટ્રીલાઈઝ કરનારી એન્ટીબોડીની એક્ટીવીટી જોવા મળી. આ બંને સાથે મળીને શરીરને સુરક્ષા આપે છે. હકીકતમાં અગાઉના સ્ટડીમાં એ વાત સામે આવી હતી કે એન્ટીબોડી કેટલાક મહિનામાં ખતમ થઈ શકે છે પરંતુ ટી સેલ્સ વર્ષો સુધી શરીરમાં રહે છે. આ સાથે જ એમ પણ કહેવાયું છે કે ઝરછઈંટ૧ હઝ્ર્ફ-૧૯ ના પરિણામો સુરક્ષા માપદંડોના અનુસાર અને એન્ટીબોડી રિસ્પોન્સ પણ પેદા કરી રહ્યા છે. આ પરિણામ યુમરલ અને સેલ્યુલર રિસ્પોન્સની સાથે મળીને આ વેકસીનને મોટા સ્તર પર ત્રીજા ફેઝના ટ્રાયલ માટે કેન્ડીડેટ થવાનો સપોર્ટ કરે છે. ઓક્સફોર્ડની ટીમ આ વેકસીન પર બ્રિટનની ફાર્માસ્યુટીકલ કંપની એસ્ટ્રાઝેનેકાની સાથે મળીને કામ કરી છે.

એસ્ટ્રાઝેનેકા વેકસીન માટે એક ઈન્ટરનેશનલ સપ્લાય ચેન તૈયાર કરી રહી છે. આ પહેલા અમેરિકન કંપની મોર્ડનાની કોરોના વાયરસ વેકસીન તેના પ્રથમ ટ્રાયલમાં સંપૂર્ણ રીતે સફળ રહી. ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસનના છપાયેલા અધ્યયનમાં કહેવાયું છે કે ૪૫ સ્વસ્થ લોકો પર આ વેકસીનના પહેલા ટેસ્ટનું પરિણામ બહુ સારૂ રહ્યું છે. આ વેકસીનને પ્રત્યેક વ્યક્તિની અંદર કોરોના સાથે જંગ માટે એન્ટીબોડી વિકસીત કર્યું છે. આ પહેલા ટેસ્ટમાં ૪૫ એવા લોકો સામેલ કરાયા હતા. જેઓ સ્વસ્થ હતા અને તેમની વય ૧૮થી ૫૫ વર્ષની હતી.

૧૬ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણવા મળેલ છે. નારદીપુરમાંથી આ પાંચમો કેસ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

કલોલ તાલુકાના પલીયડ ગામેથી પણ એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પલીયડમાં પણ ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

કલોલ અર્બનમાં ૪ કેસ મળ્યા છે. જેમાં બે દર્દીઓ મોટી ઉમંરના છે જ્યારે અન્ય બે દર્દીઓમાં એક ૩૨ વર્ષની મહિલા અને એક ૪૦ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૮૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં આજે ૨૪૦૩૯ દર્દીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૮૪ સરકારી ફેસીલીટી સેન્ટરમાં, ૭૫ પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં અને ૨૩૮૮૦ દર્દીઓ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

બસ સેવા શરૂ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે અનલોક વનના અંતે બસ સેવા શરૂ કરાયા બાદ લાંબા અંતરની બસો તેમજ અન્ય શહેરોને જોડતી બસ શરૂ કરાઈ હતી પરંતુ ગાંધીનગર અમદાવાદ વચ્ચે બસ સેવા શરૂ થઈ ન હતી કોરોનાની દ્રષ્ટીએ અમદાવાદનો હોટ સ્પોટ વિસ્તારમાં સમાવેશ થતો હતો જો કે હવે અમદાવાદમાં કોરોનાના કેસ ઘટયા છે. જયારે જે કન્ટેન્મેન્ટ ઝોન છે તે સિવાયના વિસ્તારોમાં બસ સેવા શરૂ કરવા પણ સ્થાનિકોએ માંગ કરી હતી જયારે આ સ્થિતિને ધ્યાને લઈ આખરે આજથી શહેરી બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. પ્રારંભિક તબક્કે શહેરી બસ સેવાના રૂટમાં દોડતી ૩૦ ટકા બસો જ સેવામાં કાર્યરત કરાશે જયારે તબક્કવાર શહેરી બસ સેવાનો વ્યાપ વધારવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી બંધ શહેરી બસ સેવાના લીધે એસ ટી ડેપોએ પણ લાખોની ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જયારે હવે શહેરી બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાતા એસ ટી ના પૈડા ટ્રેક પર આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.